GJGS070002282008

| તાલાલાના મહે. જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબની કોર્ટમાં<br><br>રજુ તાઃ-૧૨/૦૯/૨૦૦૮<br>દાખલ તાઃ-૧૨/૦૯/૨૦૦૮<br>ફોજદારી કેસ નં.-૨૯૯/૨૦૦૮<br>ગુ.ર.નં. - ૨/૨૦૦૭-૦૮<br>ફેસલ તાઃ-૩૦/૦૪/૨૦૨૬<br>આંકઃ- | |
|---|---|
| **ફરિયાદી** | **શ્રી સરકાર** |
| ફરિયાદ પક્ષ તરફે | વિ.એ.પી.પી.શ્રી આઇ.એચ.તુર્ક |
| **આરોપીઓ:-** | **(૧) જેરામભાઇ વાલજીભાઇ અકબરી,**<br>રહે.આંકોલવાડી, તા.તાલાલા, જી.ગીર સોમનાથ.<br>**(૨) વિનુભાઇ બચુભાઇ (એબેટ)**<br>**(૩) રાણીબેન બચુભાઇ,**<br>રહે.આંકોલવાડી, તા.તાલાલા, જી.ગીર સોમનાથ.<br>**(૪) બચુભાઇ ચનાભાઇ (એબેટ)**<br>**(૫) વિનોદભાઇ મનજીભાઇ (એબેટ)** |
| આરોપીઓ તરફે | વિ.વ. શ્રી ડી.બી.વઢવાણા. |

## -// ફોર્મ-બી //-

| | |
|---|---|
| બનાવની તારીખ | તા.૧૦/૧૨/૨૦૦૮ |
| એફ.આઇ.આર.ની તારીખ | - |
| ચાર્જશીટ કર્યા તારીખ | - |
| ચાર્જફ્રેમ કર્યા તારીખ | તા.૧૭/૦૮/૨૦૧૫ |
| પુરાવો શરૂ કર્યા તારીખ | તા.૧૯/૦૨/૨૦૧૬ |
| જજમેન્ટ પર મુક્યા તારીખ | તા.૩૦/૦૪/૨૦૨૬ |
| જજમેન્ટ આપ્યા તારીખ | તા.૩૦/૦૪/૨૦૨૬ |
| સજાનો હુકમ | - |

## -// આરોપીઓની વિગત //-

| આરોપી નંબર | આરોપીનું નામ | અટક કર્યા તારીખ | જામીન ઉપર મુકત થયા | ગુનાની કલમ | છુટી ગયો કે સજા થઇ | ફરમાવેલ સજા | ક્રિ.પ્રો.કોડની કલમ-૪૨૮ |
|---|---|---|---|---|---|---|---|

| | | | તારીખ | | | | મુજબ ટ્રાયલ દરમ્યાન અટકાયતી સમય |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | **જેરામભાઇ વાલજીભાઇ અકબરી** | | | વન્ય પ્રાણી (સરંક્ષણ) અધિનિયમ ૧૯૭૨ ની કલમ ૨(૨), (૧૪), (૧૬), (૨૦), (૩૩), (૩૬), (૩૯) તેમજ કલમ ૯, ૫૦, ૫૧, ૫૨ | નિર્દોષ ઠરાવેલ છે. | – | – |
| ૨ | **વિનુભાઇ બચુભાઇ** | | | | એબેટ | – | – |
| ૩ | **રાણીબેન બચુભાઇ** | | | | નિર્દોષ ઠરાવેલ છે. | – | – |
| ૪ | **બચુભાઇ ચનાભાઇ** | | | | એબેટ | – | – |
| ૫ | **વિનોદભાઇ મનજીભાઇ** | | | | એબેટ | – | – |

## –// <u>ફોર્મ–સી</u> //–

**સદર કામે ફરીયાદ પક્ષ તરફે નીચે મુજબનો મૌખિક પુરાવા રજુ કરેલો છે.**

| અ.નં. | આંક | સાહેદનુ નામ | રિમાર્કસ |
|---|---|---|---|
| (૧) | ૩૭ | લખાભાઇ જીવાભાઇ બારીયાની જુબાની. | પંચ સાહેદ |
| (૨) | ૬૧ | ખીમાભાઇ ઘુંઘાભાઇ મારુની જુબાની. | પંચ સાહેદ |
| (૩) | ૬૭ | લીંબાભાઇ વાલાભાઇ રાતડીયાની જુબાની. | સાહેદ |
| (૪) | ૭૩ | આલાભાઇ માણસુરભાઇ સેખડીયાની જુબાની. | પંચ સાહેદ |
| (૫) | ૭૫ | ચીનાભાઇ રાણાભાઇ રાઠોડની જુબાની. | પંચ સાહેદ |
| (૬) | ૭૭ | બાબુભાઇ લક્ષ્મણભાઇ રાઠોડની જુબાની. | પંચ સાહેદ |
| (૭) | ૮૦ | જીતેન્દ્રભાઇ મંગાભાઇ જોગદીયાની જુબાની. | પંચ સાહેદ |
| (૮) | ૮૪ | ભરતભાઇ વલ્લભભાઇ સોજીત્રાની જુબાની. | પંચ સાહેદ |
| (૯) | ૯૭ | વૃજલાલભાઇ ખીમજીભાઇ પટેલની જુબાની. | પંચ સાહેદ |
| (૧૦) | ૧૦૮ | હમીરભાઇ હીરાભાઇ જીંજુવાડીયાની જુબાની. | સાહેદ |
| (૧૧) | ૧૨૪ | રાજાભાઇ વેજાનંદભાઇ બાભણીયાની જુબાની. | સાહેદ |
| (૧૨) | ૧૨૭ | પ્રભાતગીરી ગુલાબગીરી અપારનાથીની જુબાની. | સાહેદ |
| (૧૩) | ૧૨૮ | જીવાભાઇ ભગવાનભાઇ ડોડીયાની જુબાની. | સાહેદ |
| (૧૪) | ૧૩૧ | દેવાભાઇ લાખાભાઇ રાવલીયાની જુબાની. | સાહેદ |
| (૧૫) | ૧૩૨ | નાનજીભાઇ માધાભાઇ રાણવાની જુબાની. | સાહેદ |
| (૧૬) | ૧૩૨ | કે.શશીકુમારની જુબાની. | ફરીયાદી |

**સદર કામે ફરીયાદ પક્ષ તરફે નીચે મુજબનો દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે.**

| અ.નં. | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| (૧) | ૩૮ | પંચનામુ |

| | | |
|---|---|---|
| (૨) | ૬૨ | અટક પંચનામુ |
| (૩) | ૬૮ | સ્ટાફ રોજકામ |
| (૪) | ૭૪ | અટક પંચનામુ |
| (૫) | ૭૮ | અટક પંચનામુ |
| (૬) | ૮૫ | પંચનામુ |
| (૭) | ૧૩૩ | એફ.ઓ.આર. |
| (૮) | ૧૩૪ | રફ સ્કેચ |
| (૯) | ૧૩૫ | પી.એમ.રીપોર્ટ |
| (૧૦) | ૧૩૬ | એફ.એસ.એલ.નો અભિપ્રાય |
| (૧૧) | ૧૩૭ | આરોપી રાણીબેનના જવાબની ખરી નકલ |
| (૧૨) | ૧૩૮ | આરોપી જેરામભાઇના જવાબની ખરી નકલ |
| (૧૩) | ૧૩૯ | આરોપી વીનુભાઇ બચુભાઇના જવાબની ખરી નકલ |
| (૧૪) | ૧૪૦<br>૧૪૧ | આરોપી જેરામભાઇના જવાબની ખરી નકલ |
| (૧૫) | ૧૪૨ | આરોપી રાણીબેનના જવાબની ખરી નકલ |
| (૧૬) | ૧૪૩ | આરોપી બચુભાઇના જવાબની ખરી નકલ |
| (૧૭) | ૧૪૪ | આરોપી વીનુ મનજીના જવાબની ખરી નકલ |
| (૧૮) | ૧૪૭ | ફરીયાદ |

## **– :: ઠ રા વ ::–**

**(૧)** ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપી નં.૧ નાએ પોતાના ભુરીયા ઠબા નામે ઓળખાતા વિસ્તારમાં પોતાની માલીકીની વાડીમાં ઇલેકટ્રીક શોક દ્રારા એક ચીતલનુ મોત નીપજાવી, આરોપી નં.૩ તા.૧૦/૧૨/૨૦૦૮ ના રોજ ૧૦ કિલો મટન સાથે પકડાઇ જઇ તેમજ આરોપી નં.૨, ૪, ૫ નાઓ પણ મટન ઇલેકટ્રીક તાર બીછાવી તેમાં વીજ પ્રવાહ પસાર કરવામાં અને વન્ય પ્રાણી મૃત્યુ પામતા તેના મટન લઇ જઇ અને અવશેષોનો નાશ કરતા હોય તે રીતે એકબીજાને મદદગારી કરી ગુન્હો કરતા, તે અંગેની આ કામના ફરીયાદીએ ફરીયાદ કરતા આરોપીઓ વિરૂધ્ધ તપાસના અંતે પુરતા પુરાવા મળી આવતા હાલના ગુનાનુ ચાર્જશીટ કરવામાં આવેલ છે.

(૨) ત્યારબાદ આ કામના આરોપીઓને આ અદાલત દ્વારા સમન્સ કરતા, આરોપીઓ આ અદાલત સમક્ષ હાજર થયેલ છે અને આરોપીઓને પોલીસ તપાસના કાગળોની નકલો ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૭ અન્વયે આપવામાં આવેલ છે. ત્યારબાદ આ કામે આંક–૨૦ થી તહોમતનામુ ફરમાવવામાં આવેલ છે જે અન્વયે આંક–૨૧ થી ૨૫ સુધી આરોપીઓની ગુન્હા અંગેની પ્લી નોંધવામાં આવતા, આરોપીઓએ ગુનાનો ઈન્કાર કરતા કેસ આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

ત્યારબાદ આ કામના આરોપી નં.૨ વીનુભાઈ બચુભાઈ, આરોપી નં.૪ બચુભાઈ ચનાભાઈ તથા આરોપી નં.૫ વિનોદભાઈ મનજીભાઈ હાલના કેસની ટ્રાયલ દરમ્યાન મરણ જતા તેમના મરણના દાખલા રજુ થતા આરોપી નં.૨, ૪ તથા ૫ પુરતો હાલનો કેસ એબેટ કરવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૩) ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ આરોપી નં.૧ તથા ૩ નાઓનુ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ હેઠળ વિશેષ નિવેદન નોંધવા લાયક પુરાવો જણાતા આરોપીઓનુ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે, જેમાં આરોપીઓએ જણાવેલ છે કે, અમો તદન નિર્દોષ છીએ, અમારા ઉપર તદન ખોટો કેસ કરવામાં આવેલ છે, અમોને ખોટી રીતે સંડોવી દેવામાં આવેલ છે.

(૪) ત્યારબાદ આ કામે વિ.એ.પી.પી.શ્રી તથા આરોપીના વિ.વકીલશ્રી દ્વારા કરવામાં આવેલ મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે.

(૫) ઉપરોકત હકીકતે કેસના નિર્ણય માટે નીચે મુજબનો મુદો ઉપસ્થિત થાય છે.

**–:: મુદાઓ ::–**

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપી નં.૧ નાએ પોતાના ભુરીચા ઠબા નામે ઓળખાતા વિસ્તારમાં પોતાની માલીકીની વાડીમાં ઈલેકટ્રીક શોક દ્વારા એક ચીતલનુ મોત નીપજાવી, આરોપી નં.૩ તા.૧૦/૧૨/૨૦૦૮ ના રોજ ૧૦ કિલો મટન સાથે પકડાઈ જઈ તેમજ આરોપી નં.૨, ૪, ૫ નાઓ પણ મટન ઈલેકટ્રીક તાર બીછાવી તેમાં વીજ પ્રવાહ પસાર કરવામાં અને વન્ય પ્રાણી મૃત્યુ પામતા તેના મટન લઈ જઈ અને અવશેષોનો નાશ કરતા હોય તે રીતે એકબીજાને મદદગારી

કરી વન્ય પ્રાણી (સંરક્ષણ) અધિનિયમ ૧૯૭૨ ની કલમ–૨(૨), (૧૪), (૧૬), (૨૦), (૩૩), (૩૬), (૩૯) તથા કલમ–૯, ૫૦, ૫૧, ૫૨ મુજબનો સજાને પાત્ર ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

**(૬)** ઉપરોકત મુદાનો મારો નિર્ણય નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

**(૭)** આ માટેના કારણો નીચે મુજબ છે.

**<u>–:: કા ર ણો ::–</u>**

**<u>મુદા નં.૧ :–</u>**

**(૮)** આ કામમાં રેકર્ડ ઉપર રજુ થયેલો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો તથા બંને પક્ષોની દલીલોને ધ્યાને લેતા આ કામે ફરીયાદપક્ષે આંક–૩૭ થી પંચ સાહેદ લખાભાઇ જીવાભાઇ બારીયાને તપાસવામાં આવેલા છે. જેઓ આંક–૩૮ થી રજુ થયેલ પંચનામાના પંચ સાહેદ છે. સદર પંચ સાહેદે પોતાના પુરાવામાં આંક–૩૮ થી રજુ થયેલ પંચનામાની હકીકતને સમર્થન આપેલ નથી. જેથી સદર પંચ સાહેદને વિ.એ.પી.પી.શ્રી દ્વારા ફરી ગયેલ જાહેર કરી ઉલટતપાસ કરવા છતા તેઓએ પંચનામાની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી.

વધુમાં સદર પંચનામાના બીજા પંચ સાહેદ મનુભાઇ ઇસાભાઇને અત્રેની અદાલત દ્વારા સમન્સ કરવામાં આવતા સદર સાહેદ મરણ ગયેલ હોવાના કારણે તેમના આંક–૩૯ ના મરણના દાખલા સાથે તેમનો સમન્સ પરત ફરેલ છે. જેથી સદર પંચ સાહેદ મરણ ગયેલ હોવાના કારણે ફરીયાદપક્ષ તર્ફે તેમને તપાસી શકાયેલ નથી.

**(૯)** આ કામે ફરીયાદપક્ષે આંક–૬૧ થી પંચ સાહેદ ખીમાભાઇ ઘુઘાભાઇ મારુને તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, આ પંચનામુ ચીતલ ઇલેકટ્રીક શોકથી મારી નાંખેલ. જે બનાવ જેરામભાઇ વાલજીભાઇ વાડી બામણાસા આંકોલવાડીની વચ્ચેથી જવાય ત્યાં બનેલ, જેને આશરે નવેક વર્ષ થયા છે. બનાવ સને ૨૦૦૮ માં બનેલો. આ અંગુઠા કરવાનુ આર.એફ.ઓ. શશીકુમાર

સાહેબે કીધેલુ. ત્રણ જણા દેવીપુજકને અટક કરેલ તેમાં એક બેન હતા, એક છોકરો તથા એક ભાઇ હતા અને બેનનુ નામ રાણીબેન છે. ચીતલનુ મટન હતુ, એ લોકોએ એમ કહેલ કે, આ મટન અમો જેરામભાઇની વાડીએથી લઇ આવેલા. સદર સાહેદે પોતાના પુરાવામાં અટક પંચનામુ આંક-૬૨ થી રજુ રાખેલ છે.

વધુમાં પંચ સાહેદે આરોપી તર્ફેની ઉલટતપાસમાં એવી હકીકત જણાવેલ છે કે, "એ વાત ખરી છે કે, હું ફોરેસ્ટમાં વીસેક વર્ષથી મજુર તરીકે મંડોરણામાં નોકરી કરુ છુ. જયારે હું મજુરીએ જતો ત્યારે તે આંકોલવાડી રેન્જ ગણાતી. મારી દરરોજ મસ્ટરમાં હાજરી પુરાતી. હું પહેલેથી જ રોજમદાર તરીકે ફરજ બજાવતો હતો. એક તૈયાર લખાણમાં મને શશીકુમારે અંગુઠો કરવાનુ કહેતા મેં તેમાં અંગુઠો કરી દીધેલો તેમાં શું લખેલ હતુ તેની મને ખબર નથી. આ શશીકુમાર તે વખતે અમારા ઉપરી અધિકારી હતા. એ વાત ખરી નથી કે, આ પંચનામુ ચીતલ ઇલેકટ્રીક શોકથી મારી નાંખેલ. જે બનાવ જેરામભાઇ વાલજીભાઇની વાડી બામણાસા આંકોલવાડીની વચ્ચેથી જવાય છે ત્યાં બનેલ. જેને આશરે નવેક વર્ષ થયા છે. આ અંગુઠો કરવાનુ આર.એફ.ઓ. શશીકુમાર સાહેબે કરવાનુ કીધેલુ. ત્રણ જણા દેવીપુજકને અટક કરેલ તેમાં એક બેન હતા એક છોકરો તથા એક ભાઇ હતા. બેનનુ નામ રાણીબેન છે. ચીતલનુ મટન હતુ. એ લોકોએ એમ કહેલ કે આ મટન અમો જેરામભાઇની વાડીએથી લઇ આવેલા."

વધુમાં સદર પંચનામાના બીજા પંચ સાહેદ ખોડાભાઇ બેચરભાઇ જોગદીયાને અત્રેની અદાલત દ્વારા સમન્સ કરવામાં આવતા સદર સાહેદ મરણ ગયેલ હોવાના કારણે તેમના મરણના દાખલા સાથે તેમનો સમન્સ પરત ફરેલ છે. જેથી સદર પંચ સાહેદ મરણ ગયેલ હોવાના કારણે ફરીયાદપક્ષ તર્ફે તેમને તપાસી શકાયેલ નથી.

(૧૦) આ કામે ફરીયાદપક્ષે આંક-૬૭ થી સાહેદ લીંબાભાઇ વાલાભાઇ રાતડીયાને તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, બનાવ સને-૨૦૦૭ માં બામણાસા વાડલા બીટ ભુરીયા ટબા જંગલ વિસ્તારમાં રેવન્યુમાં બનેલો. આ બનાવમાં હરણનો શીકાર કરવામાં આવેલો. આ બાબતની જાણ તેઓના આઇ.એફ.એસ. અધિકારી શશીકુમાર સાહેબને થતા તેમણે સ્ટાફને જાણ કરી બામણાસા રેન્જ કચેરીએ બોલાવેલ અને શીકાર બાબતે સમજણ આપેલ આપણે આંકોલવાડી જવાનુ છે. ત્યાંથી તેઓ સરકારી વાહન ૨૨૨ વાહન સુમોમાં તથા બીજી

મોટર સાયકલો લઇ આંકોલવાડી પહોંચેલ ત્યારે આંકોલવાડી મંડોરણા રોડ ઉપર ડાબી સાઇડમાં એક કાચા રસ્તા ઉપર જતા ભીખાભાઇ ભરવાડની વાડી તરફથી એક હુડલામાં મટન જેવી વસ્તુ લઇ એક બાઇ આવતા જોઇ એની અટક કરી પુછપરછ કરતા એ ટોપલાની અંદર કાગળ જેવા પેકીંગ કરેલુ મટન જોવા મળેલ. વધારે પુછતા તેણે જણાવેલ કે થોડુ મટન બીજા હુડલામાં ભીખાભાઇ ભરવાડની વાડીના ખુણા ઉપર સંતાડેલ છે, ત્યાંથી તે બધુ કબજે લઇ સીરવાણ ગયેલ. ત્યાંથી અંધારુ થતા ફરી તેઓ બામણાસા રેન્જ કચેરીએ આવી ગયેલ. રાણીબેનને પુછપરછ કરતા આ મટન હરણનુ હોય અને શોર્ટ સર્કીટથી જેરામ વાલજી અકબરીની વાડીએ મરી ગયેલ હોય. આ બાબતે વધુ પુછપરછ કરતા તેણે જણાવેલ કે, તેમનો દીકરો રમેશ તેમજ તેનો દેર જેરામ વાલજીની વાડીએ મુકી ગયેલ. બહુ મોડુ થઇ જવાથી તા.૧૦/૧૨/૨૦૦૭ ના રોજ જેરામ વાલજીની વાડીએ જઇ તમામ સ્ટાફે તપાસ કરતા વાડીની અંદરના ભાગમાં બનાવના સ્થળે જતા એક વન્ય પ્રાણી હરણ મૃત પામેલ હોય અને મટનને સાફ કરેલ હોય તેવા લોહીના ધાબા જોવા મળેલ તેમજ એક પગ જોવા મળેલ. ત્યાંથી આગળ તપાસ કરતા એક મકાનની અંદર એક ખુણામાંથી મટન કાપવાના કોઇતા ને એવુ મળેલ. ત્યાં રાણીબેન અને જેરામ વાલજી બંનેને પુછતા બીજા મટનનો ભાગ કયાં નાંખેલો છે એવુ પુછતા તેણે બતાવેલ જગ્યા ઉપર એક કુવા જેવા ખાડામાં દશેક કીલો જેટલો મટનનો ભાગ તેમજ ચામડાનો ભાગ તથા હરણના માથાનો શીંગડા સહિત ભાગ જોવા મળેલ તેમજ જેરામ વાલજીની મકાનની ઓરડીમાંથી શોર્ટ ગોઠવેલ એવો લોખંડનો તાર ત્યાંથી મળી આવેલ. બાકીનો બીજો બાજુમાં ફેંકી દીધેલ જોવા મળેલ. આ બનાવ બનેલ તે સ્થળ ઉપર જતા ત્યારે તેઓ સ્ટાફના એચ.આર.ભટ્ટ ફોરેસ્ટર બામણાસા, તેઓ તથા અપારનાથી ફોરેસ્ટડર ગાર્ડ બામણાસા તેમજ દેવા લાખા રાવલીયા ફોરેસ્ટર ગાર્ડ, રાજા કાના ફોરેસ્ટર સીરવાણ તેમજ એચ.આર.જીજુવાડીયા ફોરેસ્ટર ગાર્ડ, કે.એન.ચૌહાણ ફોરેસ્ટ ગાર્ડ તેમજ રાણવાભાઇ ફોરેસ્ટ ગાર્ડ તેઓ સાથે હાજર હતા. બનાવ સમયે તેઓ જાનવડલા ફોરેસ્ટર તરીકે ફરજ બજાવતા હતા અને વાયરલેસ દ્વારા સાહેબે તેઓને જાણ કરેલી. સદર સાહેદે પોતાના પુરાવામાં આંક-૬૮ થી સ્ટાફ રોજકામ રજુ રાખેલ છે.

વધુમાં સાહેદે આરોપી તર્ફેની ઉલટતપાસમાં એવી હકીકત જણાવેલ છે કે, "એ વાત ખરી છે કે, વાડલા વિસ્તાર એ જાનવડલા રાઉન્ડ વિસ્તારમાં આવતુ

નથી. એ વાત ખરી છે કે, આખુ જંગલ ૧૪૧૨ સ્કેવર એરીયાનુ પથ્થરની વંડીથી વળાંકેલ છે. એ વાત ખરી છે કે, જાહેર રોડ આવતા હોય ત્યાં ચેકપોસ્ટો મુકેલી છે. એ વાત ખરી છે કે, ચેક પોસ્ટ ઉપર અમારા ફોરેસ્ટના માણસો રાખવામાં આવે છે અને આવતા જતા વાહનોની નોંધનુ રજીસ્ટર રાખવામાં આવે છે. એ વાત ખરી છે કે, તમામ ફોરેસ્ટરોને જે બીટ ફાળવવામાં આવે છે તે વિસ્તારમાં પેટ્રોલીંગમાં જવાનુ હોય છે. એ વાત ખરી છે કે, અમારા આઇ.એફ.એસ. અધિકારી શ્રી શશીકુમાર સાહેબને ગુજરાતી લખતા વાંચતા આવડતુ નહી. એ વાત ખરી છે કે, પ્રથમ દિવસે કોઇ પંચનામુ કે લખાણ કરેલ હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી છે કે, બીજા દિવસે જે કાંઇ કામગીરી કરેલ છે તે અમારા સાહેબ શશીકુમાર તથા એચ.આર.ભટ્ટ ફોરેસ્ટરે કરેલી છે. એ વાત ખરી છે કે, આંકોલવાડી મંડોરણા રોડ છે તે જાહેર રોડ છે અને ત્યાં સતત વાહનની અવરજવર ચાલુ રહે છે. એ વાત ખરી છે કે, કાચો રોડ છે ત્યાં પણ ખેડુની અવરજવરનો રસ્તો છે ત્યાં પણ સતત માણસોની અવરજવર થતી રહે છે. એ વાત ખરી છે કે, મટન આપણે જોઇને કહી ન શકીએ કે આ મટન કોનુ છે. એ વાત ખરી છે કે, ખેડુતો તેની વાડીએ કુહાડી, ઇલેકટ્રીક વાયરો અને તાર, દાતરડા, ખેતીના ઓજારો રાખતા હોય છે. એ વાત ખરી છે કે, લોખંડનો તાર અને ઇલે.વાયર બજારમાંથી સરળતાથી મળી શકે. એ વાત ખરી છે કે, આ રોજકામ અમારા શશીકુમાર સાહેબે લખેલ જેમાં અમો સ્ટાફના માણસોને સહી કરવાનુ કહેતા અમોએ સહી કરેલી. એ વાત ખરી છે કે, શશીકુમાર સાહેબે અમારો કોઇ જવાબ લીધેલો નથી કે અમારી કોઇ પુછપરછ કરેલ નથી."

(૧૧) આ કામે ફરીયાદપક્ષે આંક–૭૩ થી પંચ સાહેદ આલાભાઇ માણસુરભાઇ સેખડીયા, આંક–૭૫ થી પંચ સાહેદ ચીનાભાઇ રાણાભાઇ રાઠોડ, આંક–૭૭ થી પંચ સાહેદ બાબુભાઇ લક્ષ્મણભાઇ રાઠોડ, આંક–૮૦ થી પંચ સાહેદ જીતેન્દ્રભાઇ મંગાભાઇ જોગદીયા, આંક–૮૪ થી પંચ સાહેદ ભરતભાઇ વલ્લભભાઇ સોજીત્રા તથા આંક–૯૭ થી પંચ સાહેદ વ્રજલાલભાઇ ખીમજીભાઇ પટેલ નાઓને તપાસવામાં આવેલા છે. જેઓ આંક–૭૪ તથા ૭૮ થી રજુ થયેલ અટક પંચનામા, આંક–૭૯ તથા ૮૫ થી રજુ થયેલ પંચનામાના પંચ સાહેદો છે. સદર પંચ સાહેદોએ પોતાના પુરાવામાં આંક–૭૪, ૭૮, ૭૯ તથા ૮૫ થી રજુ થયેલ પંચનામાની હકીકતને સમર્થન આપેલ નથી. જેથી સદર પંચ સાહેદોને વિ.એ.પી.પી.શ્રી દ્વારા ફરી ગયેલ જાહેર કરી ઉલટતપાસ કરવા છતા

તેઓએ પંચનામાની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી.

**(૧૨)** આ કામે ફરીયાદપક્ષે આંક–૧૦૮ થી સાહેદ હમીરભાઇ હીરાભાઇ જીંજુવાડીયાને તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, બનાવ તા.૯/૧૨/૨૦૦૭ ના રોજ બનેલો તે દિવસે તેઓ જાનવડલા મુકામે બીટ ગાર્ડ તરીકે તેઓની ફરજ પર હાજર હતા તે સમયે તેઓને આંકોલવાડી ઓફીસેથી તે આંકોલવાડી રેન્જ ઓફીસમાં હાજર થવાનો મેસેજ મળતા તેઓ તથા લીંબાભાઇ ફોરેસ્ટર તથા એક અન્ય તેઓના કર્મચારી આંકોલવાડી રેન્જ ઓફીસે ગયેલા. ત્યાં તેઓને તેમના ફોરેસ્ટર સ્ટાફ તરફથી સુચન મળેલ કે આંકોલવાડી રેવન્યુ વિસ્તારમાં શીકાર થયેલ હોય જયાં જવાનુ છે, જેથી તેઓ ત્યાં ગયેલા. આ શીકાર વીજ શોટ થયેલો તેવુ જણાવેલ. જેથી તેઓ આંકોલવાડી વિસ્તારમાં બાતમીવાળી જગ્યાએ ભીખાભાઈની વાડીએ ગયેલા. તેઓ તેમના ફોરેસ્ટ ડીપાર્ટમેન્ટનુ ફોરવ્હીલ વાહન નં.૧૧૯૪ તથા મોટર સાયકલ પલ્સર ગાડી લઇ આ સ્થળ પર ગયેલા, જયાં તેઓને કહેલ કે વાંસના ટોપલામાં માંસ લઇને દેવીપુજક ગયેલા તેવુ જણાવતા તેઓએ આંકોલવાડી ગામે પુછપરછ કરેલી. જેણે તેઓને જણાવેલ કે, ભીખાભાઇ ભરવાડની વાડીએ તેઓએ માંસ સંતાડેલ છે, આ માંસ ચીતલ પ્રાણીનુ હતુ. આ વ્યકિતઓની પુછપરછ કરતા તેમણે જણાવેલ કે, જેરામભાઇ વાલજીભાઇની વાડીએ શોર્ટ મુકી આ ચીતલનો શીકાર કરેલ. આ દેવીપુજક સ્ત્રી તથા તેની સાથેના પુરુષને લઇ તેઓ બનાવવાળી જેરામભાઇની વાડીએ ગયેલા, જયાં તેમણે શોર્ટ મેલી શીકાર કરેલાનુ સ્થળ બતાવેલુ. બાદમાં આ બંનેને લઇ આંકોલવાડી રેન્જ ઓફીસે ગયેલા, જયાં તેમની પુછપરછ કરેલી અને સાંજનો સમય થયેલો હોય જેથી બીજા દિવસે તેમની સાથે લઇ બનાવવાળી જેરામભાઇની વાડીએ લઇ ગયેલા. જયાં તેઓના રેન્જ ફોરેસ્ટ ઓફીસર શશીકુમાર સાહેબે આ લોકોની પુછપરછ કરેલી અને તેમની ધોરણસર અટક કરેલી. ત્યાં સ્થળ પર આરોપીઓએ શેકાર સ્થળ બતાવેલુ, જયાં માંસ તેમજ ચીતલ પ્રાણીના ટુકડાઓ જોવામાં આવેલા તેમજ આ બંને વ્યકિતઓ પાસે આ શીકારને લગતા સાધનો પણ હતા તે પણ કબજે લીધેલા. આ સ્થળ પર જે વીજ શોટ ના કારણે ચીતલનો શીકાર થયેલો તે વાયરીંગ પણ જોવા મળેલુ. આ માંસ ૫૦ થી ૬૦ કીલો જેટલુ હતુ. આ સ્થળ પર ચીતલના બાકીના અવશેષો જેમાં શીંગડા, માથુ, ચામડુ વીગેરે પણ મળી આવેલ.

તેઓના ફોરેસ્ટ ડીપાર્ટમેન્ટના અધિકારીઓ આ શીકાર થયેલ પ્રાણીના અવશેષો કબજે લઇ પૃથ્થકકરણ માટે લઇ ગયેલા. આ શીકાર કરનાર એક દેવીપુજક સ્ત્રી અને એક પુરુષ હતા. આ સમગ્ર ઘટનાક્રમનુ તેઓના અધિકારી દ્વારા સ્ટાફ રોજકામ કરવામાં આવેલ, જેમાં તેઓએ પણ સહી કરેલી.

વધુમાં સાહેદે આરોપી તર્ફેની ઉલટતપાસમાં એવી હકીકત જણાવેલ છે કે, "એ વાત ખરી છે કે, જંગલ વિસ્તાર વંડીથી વળાંકેલ છે. એ વાત ખરી છે કે, મારી હાજરીમાં સ્થળની કોઇ ચર્તુસીમા લખેલી હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી છે કે, અમે કે અમારા સ્ટાફના માણસોએ કહેવાતા બનાવવાળા સ્થળના કોઇ રેવન્યુ આધાર જોયેલ નહી કે તપાસેલ નહી. એ વાત ખરી છે કે, આંકોલવાડી રેન્જના આર.એફ.ઓ. શશીકુમાર હતા અને તપાસની તમામ કાર્યવાહી તે જ કરતા હતા. એ વાત ખરી છે કે, અમારા સાહેબે રોજકામ તૈયાર કરી અમોને સહી કરવાનુ કહેતા અમોએ સહી કરી આપેલી."

(૧૩) આ કામે ફરીયાદપક્ષે આંક-૧૨૪ થી સાહેદ રાજાભાઇ વેજાનંદભાઇ બાભણીયા, આંક-૧૨૭ થી સાહેદ પ્રભાતગીરી ગુલાબગીરી અપારનાથી, આંક-૧૨૮ થી સાહેદ જીવાભાઇ ભગવાનભાઇ ડોડીયા, આંક-૧૩૧ થી સાહેદ દેવાભાઇ લાખાભાઇ રાવલીયા તથા આંક-૧૩૨ થી સાહેદ નાનજીભાઇ માધાભાઇ રાણવા નાઓને તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, સને-૨૦૦૭ ના અરસામાં તેઓ ફોરેસ્ટમાં ફરજ બજાવતા હતા ત્યારે તેઓના ઉપલા અધિકારી શશીકુમાર સાહેબ રેન્જ ફોરેસ્ટ ઓફીસર, આંકોલવાડી, હેડ કર્વાટર બામણાસા બોલાવેલા. જેથી તેઓ સ્ટાફના કર્મચારીઓ ત્યાં ગયેલા અને ત્યાં વાડલા બીટની નજીક વાડીમાં વીજ શોટ દ્વારા વન્ય પ્રાણીનુ મોત નીપજાવવાનો ગુનો બન્યાની હકીકત જાણવા મળેલ. ત્યારબાદ તપાસમાં જવાનુ કહેતા તેઓ બધા સાથે સરકારી વાહનમાં રવાના થયેલ, જયાં આગળ આંકોલવાડીના બૈરા વાસના ટોપલામાં વજનવાળી વસ્તુ લઇ જતા હોય તેને રોકી તપાસ કરતા જેમાં મટન જોવા મળેલ. જે બેનનુ નામ પુછતા રાણીબેન જણાવેલ અને મટનનુ પુછતા તેના પુત્ર તથા દીયરે ઇલે. શોટમાં પશુ (ચીતલ) જે મરી ગયેલ હોય તેનુ મટન આપેલ હોવાનુ જણાવેલ. જેથી તેમને સાથે રાખી જયરામભાઇની વાડીએ જતા તેની પુછપરછ કરેલી. જયરામભાઇની

વાડીએ જતા રાણીબેનનો છોકરો વીનુભાઇ સામે મળેલ જેની પુછપરછ કરતા કહેલ કે, જયરામભાઇની વાડીએ ઇલ.શોટમાં પશુ(ચીતલ) મરી ગયેલ તેનુ મટન લઇ ગામમાં ખાવા માટે લઇ જતા હતા. ત્યારબાદ તેઓ સ્ટાફ જયરામભાઇની વાડીએ ગયેલ ત્યાં ઇલે. વાયર મળી આવેલ જે જયરામભાઇએ કાઢી આપેલ, જે તેઓના અધિકારીએ કબજે કરેલ અને સ્થળ પર પશુના શરીરના નકામા અવશેષો પડેલા, જે તેઓના અધિકારીએ કબજે કરેલ અને પશુના શીંગ અને ચામડુ તપાસ અર્થે બામણાસા હેડ ઓફીસે લઇ ગયેલા અને આરોપીઓને આંકોલવાડી લઇ આવેલા. જે અંગેનુ સ્ટાફ રોજકામ કરવામાં આવેલ તેમાં તેઓની સહી કરાવેલી.

વધુમાં સાહેદોએ આરોપી તર્ફેની ઉલટતપાસમાં એવી હકીકત જણાવેલ છે કે, "એ વાત ખરી છે કે, ફોરેસ્ટનો તમામ એરીયા ફરતી કોર વંડીથી વણાંકેલો છે અને જયાં જંગલનો રસ્તો હોય ત્યાં ફોરેસ્ટની ચેક પોસ્ટ મુકવામાં આવે છે. એ વાત ખરી છે કે, અમો કે અમારા સાહેબે કહેવાતા સ્થળે ગયેલ હોય કોઇ રેવન્યુ આધાર માગેલ નહી કે જોયેલ નહી કે તપાસેલ નહી. એ વાત ખરી છે કે, શશીકુમાર અમારા રેન્જ ફોરેસ્ટ ઓફીસરને ગુજરાતી લખતા કે વાંચતા આવડતુ નથી અને વધારે પડતુ ઇંગ્લીશ બોલે. એ વાત ખરી છે કે, શશીકુમારે મારો કોઇ જવાબ લીધેલ હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી છે કે, કહેવાતા સ્થળે સાહેબ સાથે ગયેલ ત્યારે અમે કોઇ કામગીરી કરેલ નથી. એ વાત ખરી છે કે, રોજકામ તૈયાર લખાણ કરી તેમાં અમો બધા સ્ટાફના માણસોને સહી કરવાનુ કહેતા અમોએ સહી કરી આપેલ."

(૧૪) વધુમાં આ કામના સાહેદ એચ.આર.ભટ્ટને અત્રેની અદાલત દ્વારા સમન્સ કરવામાં આવતા સદર સાહેદ મરણ ગયેલ હોવાના કારણે તેમના આંક-૧૨૬ ના મરણના દાખલા સાથે તેમનો સમન્સ પરત ફરેલ છે. વધુમાં આ કામના સાહેદ કે.એચ.ચૌહાણને અત્રેની અદાલત દ્વારા સમન્સ કરવામાં આવતા સદર સાહેદ મરણ ગયેલ હોવાના કારણે તેમના મરણના દાખલા સાથે તેમનો સમન્સ પરત ફરેલ છે. જેથી સદર સાહેદો મરણ ગયેલ હોવાના કારણે ફરીયાદપક્ષ તર્ફે તેમને તપાસી શકાયેલ નથી.

(૧૫) આ કામે ફરીયાદપક્ષે આંક-૧૩૨ થી ફરીયાદી કે.શશીકુમારને તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે,

તા.૦૯/૧૨/૨૦૦૭ ના રોજ તેઓની પોસ્ટીંગ આર.એફ.ઓ. આંકોલવાડી તરીકેની હતી ત્યારે એક ચીતલ વાડીની અંદર ઇલે. શોર્ટ મુકીને તેનુ મૃત્યુ નીપજાવેલ, જે વાડી જેરામભાઇ વાલજીભાઇ અકબરીની હતી અને તે તેઓના વિસ્તારના ભુરીયા ઢબા તરીકે ઓળખાતા જંગલ વિસ્તારમાં આવેલી હતી. જે ચીતલનુ ૧૦ કિ.ગ્રા. જેટલા માંસ સાથે રાણીબેન બચુભાઇ દેવીપુજક માંસ સાથે પકડાઇ જતા તેમની પુછપરછમાં તેમણે જણાવેલ કે, તેમણે જેરામભાઇ વાલજીભાઇની વાડીએ લોખંડના તાર સાથે વીજ શોર્ટ રાખી ખેતીના પાકને બચાવવા માટે ગોઠવણ કરેલ હતી, જેમાં ચીતલને શોર્ટ લાગતા તે મરણ ગયેલ. ચીતલના માંસને ખેતરમાં કામ કરતા મજુર રાણીબેને જણાવેલ કે, ત્યારબાદ તે ચીતલનુ માંસ ત્યાં સ્થળ પર કટીંગ કરી તેઓને ખાવા માટે લઇ ગયેલ. વિશેષ પુછપરછ કરતા તેમણે જણાવેલ કે, ખેતરના માલીક જેરામભાઇએ આવી ગોઠવણ શોર્ટની કરેલી હતી, જેથી કામ કરતા મજુરોને વધારે પગાર આપવાની જગ્યાએ ખાવા માટે મટન આપી શકાય અને તે ખેતરમાં આ બનાવ પહેલા પણ વધુ બનાવ બનેલ, જેમાં તેઓની ફરજ દરમ્યાન ૪ ચીતલ, ૧ ભુંડ અને ૧ શાહુડીના બનાવ બનેલાની હકીકત આરોપીએ તેઓની સમક્ષ કબુલ કરેલ. બનાવવાળા સ્થળેથી તેઓને ઇલે. તારના વાયર, મટન કાપવા માટેની છરીઓ, લોહીવાળા વાસણો અને ચીતલના અવશેષો મળેલ જે પંચનામાની વિગતે કબજે કરેલ. ત્યારબાદ આરોપીઓને અટક કરેલા જે અંગેનુ વીગતવારનુ પંચનામુ કરેલ અને સમય મર્યાદામાં નામદાર કોર્ટમાં રજુ કરેલા રીમાન્ડ મંજુર થયેથી આ કામના દેવીપુજક આરોપીઓ જે હતા આખા ગીર જંગલમાં નેટવર્ક ધરાવતા હતા અને તે વીકમાં એક વાર ઓછામાં ઓછા ખાવા માટે જંગલમાં ભુંડ અને શાહુડીનો શીકાર કરતા હતા, જેમાં શાહુડી એ સમયે શીડયુલ-૧ નુ પ્રાણી છે. ત્યારબાદ તેઓએ સમય મર્યાદા પુરી થતા નામદાર કોર્ટમાં આરોપીઓને રજુ કરેલા. આ બનાવ બાદ ગીર જંગલમાં થતા શીકા કરવા પર રોક લાગી ગયેલી અને ખેતરમાં શોર્ટ રાખવા માટે બંધ થઇ ગયેલે આ કામે તેઓએ જરૂરી મુદામાલ કબજે કરેલ તથા તમામ આરોપીઓના જવાબ લખાવ્યા મુજબના તેઓએ નોંધી લીધેલા. સદરહુ ફરીયાદીએ પોતાના પુરાવામાં આંક-૧૩૩ થી એફ.ઓ.આર., આંક-૧૩૪ થી રફ સ્કેચ, આંક-૧૩૫ થી પી.એમ.રીપોર્ટ તથા આંક-૧૩૬ થી એફ.એસ.એલ.નો અભિપ્રાય રજુ રાખેલ છે.

વધુમાં ફરીયાદીએ પોતાના પુરાવામાં જણાવેલ છે કે, તેઓને

તા.૧૦/૧૨/૨૦૦૭ ના રોજના આરોપી રાણીબેનના તેઓના રુબરુમાં લીધેલ જવાબની ખરી નકલ બતાવવામાં આવે છે, જેમાં આરોપીના અંગુઠાનુ નીશાન તથા તેઓની સહી છે જે ઓળખી બતાવે છે, જે આ કામે આંક–૧૩૭ થી રજુ છે. તેઓને તા.૧૦/૧૨/૨૦૦૭ ના રોજના આરોપી જેરામભાઇના તેઓના રુબરુમાં લીધેલ જવાબની ખરી નકલ બતાવવામાં આવે છે, જેમાં આરોપીના સહી તથા તેઓની સહી છે જે ઓળખી બતાવે છે, જે આ કામે આંક–૧૩૮ થી રજુ છે. તેઓને તા.૧૦/૧૨/૨૦૦૭ ના રોજના આરોપી વીનુભાઇ બચુભાઇના તેઓના રુબરુમાં લીધેલ જવાબની ખરી નકલ બતાવવામાં આવે છે, જેમાં આરોપીના સહી તથા તેઓની સહી છે જે ઓળખી બતાવે છે, જે આ કામે આંક–૧૩૯ થી રજુ છે. તેઓને તા.૧૧/૧૨/૨૦૦૭ ના રોજના આરોપી જેરામના તેઓના રુબરુમાં લીધેલ જવાબની ખરી નકલ બતાવવામાં આવે છે, જેમાં આરોપીના સહી તથા તેઓની સહી છે જે ઓળખી બતાવે છે, જે આ કામે આંક–૧૪૦ થી રજુ છે. તેઓને તા.૧૨/૧૨/૨૦૦૭ ના રોજના આરોપી જેરામના તેઓના રુબરુમાં લીધેલ જવાબની ખરી નકલ બતાવવામાં આવે છે, જેમાં આરોપીના સહી તથા તેઓની સહી છે જે ઓળખી બતાવે છે, જે આ કામે આંક–૧૪૧ થી રજુ છે. તેઓને તા.૧૨/૧૨/૨૦૦૭ ના રોજના આરોપી રાણીબેનના તેઓના રુબરુમાં લીધેલ જવાબની ખરી નકલ બતાવવામાં આવે છે, જેમાં આરોપીના અંગુઠાનુ નીશાન તથા તેઓની સહી છે જે ઓળખી બતાવે છે, જે આ કામે આંક–૧૪૨ થી રજુ છે. તેઓને તા.૧૨/૧૨/૨૦૦૭ ના રોજના આરોપી બચુભાઇના તેઓના રુબરુમાં લીધેલ જવાબની ખરી નકલ બતાવવામાં આવે છે, જેમાં આરોપીના સહી તથા તેઓની સહી છે જે ઓળખી બતાવે છે, જે આ કામે આંક–૧૪૩ થી રજુ છે. તેઓને તા.૨૮/૧૨/૨૦૦૭ ના રોજના આરોપી વીનુભાઇ મનજીભાઇના તેઓના રુબરુમાં લીધેલ જવાબની ખરી નકલ બતાવવામાં આવે છે, જેમાં આરોપીના સહી તથા તેઓની સહી છે જે ઓળખી બતાવે છે, જે આ કામે આંક–૧૪૪ થી રજુ છે.

વધુમાં ફરીયાદીએ પોતાના પુરાવામાં જણાવેલ છે કે, તેઓને આ કામે કબજે કરેલ મુદામાલમાંથી આર્ટીકલ નં.૦૫ વાળો ઈલે. વાયર બતાવવામાં આવે છે તે શોર્ટ આપવા માટે ઉપયોગમાં લેવાયેલ જે સ્થળ પરથી કબજે કરેલ તે જ છે જે ઓળખી બતાવે છે. મુદામાલ માંથી આર્ટીકલ નં.૬ વાળુ પકડ, આર્ટીકલ નં.૦૭ વાળા બે દાતરડા તથા આર્ટીકલ નં.૦૮ વાળી બે છરી બતાવવામાં આવે છે તે સ્થળ પરથી

કબજે કરેલ તે જ છે જે ઓળખી બતાવે છે. મુદામાલ પૈકી આર્ટીકલ નં.૦૯ વાળુ તારનુ બંડલ બતાવવામાં આવે છે, તે જોઇને તેઓ કહે છે કે, તે બનાવ સમયે તેઓએ જે તે સ્થળેથી પશુને શીકાર માટે શોર્ટ આપવામાં આવેલ ઉપયોગમાં લેવાયેલ તે જ તાર છે જે ઓળખી બતાવે છે, જે બનાવ સમયે સ્થળ પરથી કબજે કરેલ છે. મુદામાલ માંથી આર્ટીકલ નં.૧૦ વાળી કુહાડી બતાવવામાં આવે છે તે લાકડાના હાથાવાળી સ્થળ પરથી કબજે કરેલ તે જ છે જે ઓળખી બતાવે છે. મુદામાલ માંથી બે કરવત બતાવવામાં આવે છે જે સ્થળ પરથી કબજે કરેલ તે જ છે જે ઓળખી બતાવે છે. વધુમાં ફરીયાદીએ પોતાના પુરાવામાં આંક–૧૪૭ થી ફરીયાદ રજુ રાખેલ છે.

વધુમાં ફરીયાદીએ આરોપી તર્ફેની ઉલટતપાસમાં એવી હકીકત જણાવેલ છે કે, "એ વાત ખરી છે કે, જંગલનો વિસ્તાર પથ્થરથી કોર્ડન કરેલો છે. એ વાત ખરી છે કે, જંગલ વિસ્તારમાં જે પાકા રોડ આવેલા હોય ત્યાં ફોરેસ્ટની ચોકી/ચેક પોસ્ટ હોય છે. એ વાત ખરી છે કે, આ ચેક પોસ્ટ પર વાહન તથા વ્યકિતની અવર જવર થતી હોય ત્યાં ચેક પોસ્ટ પર રજીસ્ટર રાખવામાં આવે છે. એ વાત ખરી છે કે, કહેવાતા બનાવનુ આરોપીની જમીનની માલીકીનુ રેવન્યુ રેકર્ડ આ કામે મેળવેલ નથી કે મેં આ કામે રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે, આંક–૧૩૪ વાળુ રફ સ્કેચ મારા હસ્તાક્ષરમાં નથી. એ વાત ખરી છે કે, મુદામાલ વાળા તમામ સાધનો બજારમાંથી સહેલાયથી મળી શકે છે અને આ સાધનો ખેડુત પોતાના ખેતીના કામ માટો ઉપયોગમાં સામાન્ય રીતે લેતા હોય છે. એ વાત ખરી છે કે, આંકોલવાડી રોડ જાહેર રસ્તો હોય ત્યાં વાહન તથા લોકોની અવર જવર રહેતી હોય છે અને આજુબાજુ રહેણાંક વિસ્તાર આવેલ છે. એ વાત ખરી છે કે, જેરામભાઇની આજુબાજુ અન્ય બીજા ખેડુતની પણ વાડી હતી. એ વાત ખરી છે કે, અન્ય ખેડુતોના નીવેદન લીધેલા નથી તેમજ અન્ય કોઇ સ્વતંત્ર સાહેદોના નીવેદનો લીધેલા નથી અને કોઇ કર્મચારીના નીવેદન લીધેલ નથી. એ વાત ખરી છે કે, આ કામે ફરીયાદી પણ અમો છીએ અને તપાસ કરનાર અધિકારી પણ હું જ છુ. એ વાત ખરી છે કે, તપાસ દરમ્યાન અમોએ આ કામે અમારા સરકારી વાહનના લોગબુકના ઉતારા રજુ કરેલ નથી કે વાયરલેસના ઉતારા રજુ કરેલ નથી."

**(૧૬)** પ્રસ્તુત કેસમાં રેકર્ડ ઉપર રજુ થયેલ ફરીયાદપક્ષનો પુરાવો જોવામાં આવે તો આ કામે **પંચ સાહેદ લખાભાઇ જીવાભાઇ બારીયા (આંક–૩૭)** નાઓએ પોતાના

અદાલત સમક્ષના પુરાવામાં આંક–૩૮ થી રજુ થયેલ પંચનામાની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી. જયારે બચાવપક્ષ તર્ફે કરવામાં આવેલ ઉલટતપાસમાં સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે**, તૈયાર પંચનામામાં સહી કરવા સીવાય તેઓ કાંઇ જાણતો નથી.** વધુમાં સદર પંચનામાના બીજા પંચ સાહેદ મનુભાઇ ઇસાભાઇને અત્રેની અદાલત દ્વારા સમન્સ કરવામાં આવતા સદર સાહેદ મરણ ગયેલ હોવાના કારણે તેમના આંક–૩૯ ના મરણના દાખલા સાથે તેમનો સમન્સ પરત ફરેલ છે. જેથી સદર પંચ સાહેદ મરણ ગયેલ હોવાના કારણે ફરીયાદપક્ષ તર્ફે તેમને તપાસી શકાયેલ નથી. આમ**,** સદર પંચ સાહેદનો સમગ્ર પુરાવો ધ્યાને લેતા તેમના પુરાવા પરથી આંક–૩૮ વાળુ પંચનામુ સમર્થન પામી પુરવાર થતુ નથી.

વધુમાં આ સંદર્ભે **પંચ સાહેદ ખીમાભાઇ ઘુઘાભાઇ મારુ (આંક–૬૧)** નાઓએ પોતાના અદાલત સમક્ષના પુરાવામાં આંક–૬૨ થી રજુ થયેલ અટક પંચનામાની હકીકતને સમર્થનકારી પુરાવો રજુ કરેલ છે. પરંતુ બચાવપક્ષ તર્ફે કરવામાં આવેલ ઉલટતપાસમાં સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે**, તેઓ ફોરેસ્ટમાં વીસેક વર્ષથી મજુર તરીકે મંડોરણામાં નોકરી કરે છે.** વધુમાં ઉલટતપાસમાં જણાવેલ છે કે**, એક તૈયાર લખાણમાં તેઓને શશીકુમારે અંગુઠો કરવાનુ કહેતા તેઓએ તેમાં અંગુઠો કરી દીધેલો તેમાં શું લખેલ હતુ તેની તેઓને ખબર નથી તેમજ આ શશીકુમાર તે વખતે તેઓના ઉપરી અધિકારી હતા.** આમ, સદર પંચ સાહેદનો સમગ્ર પુરાવો ધ્યાને લેતા તેમના પુરાવા પરથી અટક પંચનામુ સમર્થન પામી પુરવાર થતુ નથી.

વધુમાં આ સંદર્ભે **સાહેદ લીંબાભાઇ વાલાભાઇ રાતડીયા (આંક–૬૭)** નાઓએ પોતાના અદાલત સમક્ષના પુરાવામાં ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થનકર્તા પુરાવો રજુ કરેલ છે. જયારે બચાવપક્ષ તર્ફે કરવામાં આવેલ ઉલટતપાસમાં સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે**, જાહેર રોડ આવતા હોય ત્યાં ચેકપોસ્ટો મુકેલી છે તેમજ ચેક પોસ્ટ ઉપર તેઓના ફોરેસ્ટના માણસો રાખવામાં આવે છે અને આવતા જતા વાહનોની નોંધનુ રજીસ્ટર રાખવામાં આવે છે.** વધુમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે**, તેઓના આઇ.એફ.એસ. અધિકારી શ્રી શશીકુમાર સાહેબને ગુજરાતી લખતા વાંચતા આવડતુ નહી.** વધુમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે**, પ્રથમ દિવસે કોઇ પંચનામુ કે લખાણ કરેલ હોય તેવુ બનેલ નથી તેમજ બીજા દિવસે જે કાંઇ કામગીરી કરેલ છે તે તેઓના સાહેબ શશીકુમાર તથા એચ.આર.ભટ્ટ ફોરેસ્ટરે કરેલી છે.** વધુમાં એ

હકીકતનો સ્વીકાર કરેલ છે કે, **આંકોલવાડી મંડોરણા રોડ છે તે જાહેર રોડ છે અને ત્યાં સતત વાહનની અવરજવર ચાલુ રહે છે તેમજ કાચો રોડ છે ત્યાં પણ ખેડુની અવરજવરનો રસ્તો છે ત્યાં પણ સતત માણસોની અવરજવર થતી રહે છે.** વધુમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, **મટન આપણે જોઇને કહી ન શકીએ કે આ મટન કોનુ છે.** વધુમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, **ખેડુતો તેની વાડીએ કુહાડી, ઇલેકટ્રીક વાયરો અને તાર, દાતરડા, ખેતીના ઓજારો રાખતા હોય છે તેમજ લોખંડનો તાર અને ઇલે.વાયર બજારમાંથી સરળતાથી મળી શકે.** વધુમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, **આ રોજકામ તેઓના શશીકુમાર સાહેબે લખેલ જેમાં તેઓ સ્ટાફના માણસોને સહી કરવાનુ કહેતા તેઓએ સહી કરેલી.** વધુમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, **શશીકુમાર સાહેબે તેઓનો કોઇ જવાબ લીધેલો નથી કે તેઓની કોઇ પુછપરછ કરેલ નથી.** આમ, સદર સાહેદનો સમગ્ર પુરાવો ઘ્યાને લેવામાં આવે તો જાહેર રોડ પર ચેકપોસ્ટો આવેલ છે અને ચેકપોસ્ટ પર ફોરેસ્ટના માણસો પોતાની ફરજ બજાવતા હોય છે તેમજ ચેકપોસ્ટ પરથી પસાર થતા વાહનની નોંધ અંગેનુ રજીસ્ટર નીભાવવામાં આવે છે. વધુમાં આઇ.એફ.એસ. અધિકારી શશીકુમારને ગુજરાતી લખતા વાંચતા આવડતુ ન હોવાનુ જણાય આવે છે. વધુમાં હાલના ગુન્હા સંદર્ભે પ્રથમ દિવસે કોઇ પંચનામુ કે લખાણ કરવામાં આવેલ નથી અને બીજા દિવસે જે કામગીરી કરવામાં આવેલ છે તે શશીકુમાર તથા ફોરેસ્ટર એચ.આર.ભટ્ટ દ્રારા કરવામાં આવેલ છે. વધુમાં હાલની બનાવવાળી જગ્યાએ વાહનની સતત અવરજવર રહે છે તેમજ ખેડુતની પણ અવરજવરનો રસ્તો હોવાનુ જણાય આવે છે. વધુમાં સદર સાહેદે પોતાના પુરાવામાં રોજકામ શશીકુમાર સાહેબે લખેલ અને તેમાં સ્ટાફના માણસોને સહી કરવાનુ કહેતા તેઓએ સહી કરેલી તેમજ શશીકુમાર દ્રારા સાહેદોનો કોઇ જવાબ લીધેલો નહી કે કોઇ પુછપરછ કરવામાં આવેલ નહી. આમ, સદર સાહેદનો પુરાવો ઘ્યાને લેતા સદર સાહેદે પોતાના પુરાવામાં આઇ.એફ.એસ. અધિકારી શશીકુમારને ગુજરાતી લખતા વાંચતા આવડતુ ન હોવાની હકીકત જણાવે છે. જયારે બીજી બાજુ પોતાના પુરાવામાં શશીકુમાર દ્રારા રોજકામ લખવામાં આવેલ હોવાની હકીકત જણાવે છે. જેથી સદર સાહેદના પુરાવામાં આ સંદર્ભે વીરોધાભાસી હકીકત રેકર્ડ પર આવે છે.

વધુમાં આ સંદર્ભે **આંક-૭૪ તથા ૭૮ થી રજુ થયેલ અટક પંચનામા તથા આંક-૭૯ તથા આંક-૮૫ થી રજુ થયેલ પંચનામાના પંચ સાહેદ આલાભાઇ**

**માણસુરભાઇ સેખડીયા (આંક–૭૩), ચીનાભાઇ રાણાભાઇ રાઠોડ (આંક–૭૫), બાબુભાઇ લક્ષ્મણભાઇ રાઠોડ (આંક–૭૭), જીતેન્દ્રભાઇ મંગાભાઇ જોગદીયા (આંક–૮૦), ભરતભાઇ વલ્લભભાઇ સોજીત્રા (આંક–૮૪) તથા વૃજલાલભાઇ ખીમજીભાઇ પટેલ (આંક–૯૭) થી** ફરીયાદપક્ષ તરફે તપાસવામાં આવેલ છે જે પંચ સાહેદોએ પંચનામાને સમર્થનકર્તા પુરાવો રજુ કરેલ નથી એટલે કે આ કામે રજુ થયેલ પંચનામાને પંચોના પુરાવાથી સમર્થન મળતુ નથી.

વધુમાં આ સંદર્ભે **સાહેદ હમીરભાઇ હીરાભાઇ જીંજુવાડીયા (આંક–૧૦૮)** નાઓએ પોતાના અદાલત સમક્ષના પુરાવામાં ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થનકર્તા પુરાવો રજુ કરેલ છે. જયારે બચાવપક્ષ તર્ફે કરવામાં આવેલ ઉલટતપાસમાં સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, **તેઓની હાજરીમાં સ્થળની કોઇ ચર્તુસીમા લખેલી હોય તેવુ બનેલ નથી.** વધુમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, **તેઓએ કે તેમના સ્ટાફના માણસોએ કહેવાતા બનાવવાળા સ્થળના કોઇ રેવન્યુ આધાર જોયેલ નહી કે તપાસેલ નહી.** વધુમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, **આંકોલવાડી રેન્જના આર.એફ.ઓ. શશીકુમાર હતા અને તપાસની તમામ કાર્યવાહી તે જ કરતા હતા તેમજ તેઓના સાહેબે રોજકામ તૈયાર કરી તેઓને સહી કરવાનુ કહેતા તેઓએ સહી કરી આપેલી.** આમ, સદર સાહેદનો સમગ્ર પુરાવો ધ્યાને લેવામાં આવે તો તેમની હાજરીમાં સ્થળની કોઇ ચર્તુ સીમા લખવામાં આવેલ હોય તેવુ બનેલ નથી. વધુમાં હાલના સાહેદ દ્વારા કહેવાતા બનાવવાળા સ્થળના કોઇ રેવન્યુ આધાર જોયેલ નથી કે તપાસેલ નથી. વધુમાં હાલના ગુન્હાની તપાસ અંગેની તમામ કાર્યવાહી આર.એફ.ઓ. શશીકુમાર દ્વારા કરવામાં આવેલ છે અને શશીકુમાર દ્વારા રોજકામ તૈયાર કરી હાલના સાહેદને સહી કરવાનુ કહેતા સદર સાહેદે સહી કરેલ હોવાની હકીકત રેકર્ડ પર આવે છે.

વધુમાં આ સંદર્ભે **સાહેદ રાજાભાઇ વેજાનંદભાઇ બાભણીયા (આંક–૧૨૪), સાહેદ પ્રભાતગીરી ગુલાબગીરી અપારનાથી (આંક–૧૨૭), સાહેદ જીવાભાઇ ભગવાનભાઇ ડોડીયા (આંક–૧૨૮), સાહેદ દેવાભાઇ લાખાભાઇ રાવલીયા (આંક–૧૩૧) તથા સાહેદ નાનજીભાઇ માધાભાઇ રાણવા (આંક–૧૩૨)** નાઓએ પોતાના અદાલત સમક્ષના પુરાવામાં ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થનકર્તા પુરાવો રજુ કરેલ છે. જયારે બચાવપક્ષ તર્ફે કરવામાં આવેલ ઉલટતપાસમાં સાહેદોએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, **તેઓએ કે તેઓના સાહેબે કહેવાતા સ્થળે ગયેલ હોય કોઇ રેવન્યુ**

**આધાર માગેલ નહી કે જોયેલ નહી કે તપાસેલ નહી.** વધુમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, **શશીકુમાર તેઓના રેન્જ ફોરેસ્ટ ઓફીસરને ગુજરાતી લખતા કે વાંચતા આવડતુ નથી અને વધારે પડતુ ઇંગ્લીશ બોલે.** વધુમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, **શશીકુમારે તેઓનો કોઇ જવાબ લીધેલ હોય તેવુ બનેલ નથી.** વધુમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, **કહેવાતા સ્થળે સાહેબ સાથે ગયેલ ત્યારે તેઓએ કોઇ કામગીરી કરેલ નથી.** વધુમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, **રોજકામ તૈયાર લખાણ કરી તેમાં તેઓ બધા સ્ટાફના માણસોને સહી કરવાનુ કહેતા તેઓએ સહી કરી આપેલ.** આમ, સદર સાહેદોનો સમગ્ર પુરાવો ધ્યાને લેવામાં આવે તો હાલના સાહેદોએ બનાવવાળા સ્થળેથી કોઇ રેવન્યુ આધાર માગેલ નહી, જોયેલ નહી કે તપાસેલ નથી. **વધુમાં હાલના સાહેદોનો પુરાવો ધ્યાને લેતા રેન્જ ફોરેસ્ટ ઓફીસર શશીકુમારને ગુજરાતી લખતા કે વાંચતા આવડતુ ન હોવાની હકીકત રેકર્ડ પર આવે છે.** જેથી આરોપીઓનુ નીવેદન જે આર.એફ.ઓ. રૂબરૂ લેવામાં આવેલ છે તે શંકા ઉપજાવે છે. વધુમાં આર.એફ.ઓ. શશીકુમાર દ્રારા હાલના સાહેદોનો કોઇ જવાબ લેવામાં આવેલ નથી. વધુમાં હાલના સાહેદો બનાવવાળા સ્થળે ગયેલ ત્યારે તેમના દ્રારા કોઇ કામગીરી કરવામાં આવેલ નથી. વધુમાં રોજકામ તૈયાર લખાણમાં હાલના સાહેદોને સહી કરવાનુ કહેવામાં આવતા તેઓ દ્રારા સહી કરવામાં આવેલ હોવાની હકીકત રેકર્ડ પર આવે છે.

વધુમાં આ કામના સાહેદ એચ.આર.ભટ્ટને અત્રેની અદાલત દ્રારા સમન્સ કરવામાં આવતા સદર સાહેદ મરણ ગયેલ હોવાના કારણે તેમના આંક-૧૨૯ ના મરણના દાખલા સાથે તેમનો સમન્સ પરત ફરેલ છે. વધુમાં આ કામના સાહેદ કે.એચ.ચૌહાણને અત્રેની અદાલત દ્રારા સમન્સ કરવામાં આવતા સદર સાહેદ મરણ ગયેલ હોવાના કારણે તેમના મરણના દાખલા સાથે તેમનો સમન્સ પરત ફરેલ છે. જેથી સદર સાહેદો મરણ ગયેલ હોવાના કારણે ફરીયાદપક્ષ તર્ફે તેમને તપાસી શકાયેલ નથી.

વધુમાં આ સંદર્ભે **ફરીયાદી કે.શશીકુમાર (આંક-૧૩૨)** નાઓએ પોતાના અદાલત સમક્ષના પુરાવામાં ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થનકર્તા પુરાવો રજુ કરેલ છે. જયારે બચાવપક્ષ તર્ફે કરવામાં આવેલ ઉલટતપાસમાં સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, **જંગલનો વિસ્તાર પથ્થરથી કોર્ડન કરેલો છે તેમજ જંગલ વિસ્તારમાં જે પાકા રોડ આવેલા હોય ત્યાં ફોરેસ્ટની ચોકી/ચેક પોસ્ટ હોય છે તેમજ આ ચેક પોસ્ટ પર વાહન તથા વ્યકિતની અવર જવર થતી હોય ત્યાં ચેક પોસ્ટ પર રજીસ્ટર**

**રાખવામાં આવે છે.** વધુમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, **કહેવાતા બનાવનુ આરોપીની જમીનની માલીકીનુ રેવન્યુ રેકર્ડ આ કામે મેળવેલ નથી કે તેઓએ આ કામે રજુ કરેલ નથી.** વધુમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, **આંક–૧૩૪ વાળુ રફ સ્કેચ તેઓના હસ્તાક્ષરમાં નથી.** વધુમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, **મુદામાલ વાળા તમામ સાધનો બજારમાંથી સહેલાયથી મળી શકે છે અને આ સાધનો ખેડુત પોતાના ખેતીના કામ માટો ઉપયોગમાં સામાન્ય રીતે લેતા હોય છે.** વધુમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, **આંકોલવાડી રોડ જાહેર રસ્તો હોય ત્યાં વાહન તથા લોકોની અવર જવર રહેતી હોય છે અને આજુબાજુ રહેણાંક વિસ્તાર આવેલ છે તેમજ જેરામભાઇની આજુબાજુ અન્ય બીજા ખેડુતની પણ વાડી હતી તેમજ અન્ય ખેડુતોના નીવેદન લીધેલા નથી તેમજ અન્ય કોઇ સ્વતંત્ર સાહેદોના નીવેદનો લીધેલા નથી અને કોઇ કર્મચારીના નીવેદન લીધેલ નથી.** વધુમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, **આ કામે ફરીયાદી પણ તેઓ છે અને તપાસ કરનાર અધિકારી પણ તેઓ જ છે.** વધુમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, **તપાસ દરમ્યાન તેઓએ આ કામે તેઓના સરકારી વાહનના લોગબુકના ઉતારા રજુ કરેલ નથી કે વાયરલેસના ઉતારા રજુ કરેલ નથી.** આમ હાલના ફરીયાદીનો સમગ્ર પુરાવો ધ્યાને લેવામાં આવે તો હાલના ફરીયાદી દ્રારા આરોપીની જમીનની માલીકીનુ રેવન્યુ રેકર્ડ હાલના કામે મેળવેલ નથી કે હાલના કામે રજુ રાખવામાં આવેલ નથી. વધુમાં હાલના ફરીયાદી દ્રારા પોતાના પુરાવામાં આંક–૧૩૪ થી જે રફ સ્કેચ રજુ રાખેલ છે તે હાલના ફરીયાદીના હસ્તાક્ષરમાં નથી. વધુમાં આંકોલવાડી રોડ જાહેર રસ્તો હોય તથા ત્યાં વાહન તથા લોકોની અવરજવર રહેતી હોય તેમજ આજુબાજુ રહેણાંકી વીસ્તાર આવેલ હોય તેમજ ખેડુતોની વાડી આવેલ હોવા છતા હાલના ફરીયાદી દ્રારા આવા કોઇ ખેડુતોના કે સ્વતંત્ર સાહેદોના નીવેદનો નોંધવામાં આવેલ નથી કે કોઇ કર્મચારીઓના નીવેદન લેવામાં આવેલ નથી. વધુમાં હાલનો કેસ ધ્યાને લેતા આ કામના ફરીયાદી દ્રારા હાલની ફરીયાદ આપી અને તપાસ પણ તેઓ દ્રારા જ કરવામાં આવેલ છે. વધુમાં હાલના સાહેદ દ્રારા પોતાની તપાસના કામે સરકારી વાહનના લોગબુકના ઉતારા કે વાયરલેસના ઉતારા રજુ રાખેલ નથી.

**(૧૭)** આરોપીઓની કબુલાત કરતા નીવેદનો જે રેકર્ડ ઉપર છે તે જોતા, વન અધિનિયમની કલમ–૭૨ મુજબ ફોરેસ્ટ ઓફીસર એ પોલીસ નથી જેથી તેના રૂબરૂ

લીધેલ એ પુરાવામાં માન્ય છે. જયારે વાઈલ્ડ લાઈફ પ્રોટેકશન એકટની કલમ–૫૦ મુજબ એ.સી.એફ.થી નીચેના રેન્ક માના તેવા અધિકારી રૂબરૂ લીધેલ પુરાવામાં ગ્રાહય છે અને આવો સિધ્ધાંત **Dr Enrico D" Suja V s State** 1995 **FTL** 72 (**Bom**) ચુકાદામાં પણ નામદાર સુપ્રિમ કોર્ટે જણાવેલ છે. સબબ કામે આવા લીધેલ નીવેદનને ભારતીય પુરાવા અધિનિયમની કલમનો બાધ નડતો નથી, પરંતુ આવુ નીવેદન એ ધાક ધમકી વગર, ભયમુકત અને કુદરતી ન્યાયના સિધ્ધાંતોને અનુસરીને લેવામાં આવેલુ હોવુ જોઇએ અને તે નિવેદન તેવી રીતે લેવામાં આવેલ છે તે નામદાર કોર્ટમાં સાબિત કરવાનુ રહે છે. અન્યથા જો માત્ર આરોપીના અવા નિવેદનો ઉપર જ કબુલાતના આધારે કેસને પુરવાર ગણી લઇ આરોપીઓને તકસીરવાન ઠેરવી શકાય તેમ હોય તો કોર્ટમાં ટ્રાયલ ચલાવવાનો હેતુ માર્યો જાય છે અને આરોપીઓનો બચાવનો હકક અને કુદરતી ન્યાયના સિધ્ધાંતોનુ ખંડન થાય છે. કેવા સંજોગોમાં આવુ નિવેદન લેવામાં આવેલ છે તે અતિ મહત્વનુ પાસુ છે, જે રેકર્ડ ઉપર લાવવુ જરૂરી છે. Judicial Confession & Extra Judicial Confession ના સિધ્ધાંતોને અવગણી કાય નહી અને ફરીયાદપક્ષે આવા નિવેદનો હોવા છતા પોતાનો કેસ રજુ પુરાવાના આધારે નિ:શંકપણે સાબિત કરવાનો રહે છે. તે હકીકત સત્ છે કે ભોગબનનાર મુંગુ પ્રાણી છે પરંતુ ફરીયાદપક્ષે ક્રિમીનલ કેસમાં જે પુરાવા રજુ કરેલ છે તેના તમામ પરીબળો અને પાસાઓ એવુ દિશાસુચક દર્શાવતા હોવા જોઇએ કે જેથી એવુ માની શકાય કે આરોપીઓ દ્રારા જ હાલનો ગુનો કરેલ છે. જે હાલના કેસમાં ફરીયાદપક્ષે રેકર્ડ ઉપર સાબિત કરેલ નથી.

(૧૮) નામદાર સુપ્રિમ કોર્ટે **પાબીતર સીંગ વિ. સ્ટેટ ઓફ બીહાર, ૧૯૭૨ એ.આઇ.આર., (એસ.સી.) ૧૮૯૯** તથા નામદાર દીલ્હી હાઇકોર્ટે **બાબુલાલ અને બીજાઓ વિ. સ્ટેટ અને બીજાઓ, ૧૯૮૨ (૮૮) ક્રિમિનલ લો જનરલ ૪૧** મુજબ કલમ–૫૭ વીશે નોંધેલ છે કે, કલમ–૫૭ મુજબ once the prosecution has proved that an accused is in possession of a captive animal, animal article, meat, trophy, uncured trophy, specified plant or part or derivative thereof the burden of proving that he is in legal possession of such item shifts on to him. આમ સાબિતીનો બોજો

એ આરોપીની ઉપર રહે છે, પરંતુ કેસની ટ્રાયલ દરમ્યાન ફરીયાદી અને સાહેદોની ઉલટતપાસમાં બચાવપક્ષ દ્વારા જે હકીકતોનુ ખંડન કરેલ છે તે હકીકતો ઉપરથી બચાવપક્ષે તેના ઉપર રહેલ અનુમાનની વિરૂધ્ધનુ ખંડન કરેલ છે તે હકીકત ના માનવાને કોઈ કારણ નથી. વધુમાં જોગવાઈ મુજબ ગેરકાયદેસર કબજા વિશેનુ અનુમાન કરવાનુ રહે છે અને this reversal only, applies to the offense of unauthorized possession and the offences of hunting or illegal trade will have to be proven separately. શિકાર કરેલ હોય કે ગેરકાયદેસર વેપાર કરેલ તે અલગથી નિ:શંકપણે પુરવાર કરવાનુ રહે છે.

(૧૯) વધુમાં ફરીયાદપક્ષની સાથે સ્વતંત્ર પંચોની જુબાની અતિ મહત્વનો ભાગ ભજવે છે. તાજેતરમાં નામદાર સુપ્રિમ કોર્ટે પંચનામાના સાહેદો વિશે મહત્વપુર્ણ ચુકાદો આપેલ છે અને તે મુજબ પંચનામાના સાહેદો માત્ર પોતાની સહી ઓળખી બતાવે તેટલા માત્રથી પંચનામુ પુરવાર થયેલ છે તેવુ ગણી શકાય નહી, પરંતુ તેઓ બનાવ સ્થળે હાજર હતા અને પંચનામુ તેઓની હાજરીમાં તૈયાર થયેલ છે અને પંચનામાના કન્ટેન્ટ પુરવાર કરવાના રહે છે. પંચોની હાજરીમાં આવા મુદામાલ કબજે લેવામાં આવેલ છે અને તે મુદામાલ આરોપીઓના કબજામાંથી લેવામાં આવેલ છે તે રેકર્ડ ઉપર આવવુ જરૂરી છે. જે હાલના કેસમાં પુરવાર થયેલ ના હોય ફરીયાદપક્ષના કેસ ઉપર શંકા ઉત્પન્ન થાય છે.

નામદાર સુપ્રિમ કોર્ટે રાજેશ અને બીજાઓ વિ. સ્ટેટ ઓફ મધ્યપ્રદેશના ચુકાદામાં જણાવેલ છે કે, 'it ruled that panchnamas would be deemed inadmissible in a court of law if they were prepared in violation of Section 162 CrPC The court observed that witnesses to the panchnamas and the seizures acted as mere attestors to the documents and did not disclose in their own words as to how these objects were discovered,

પારા 28. That apart the manner in which the Investigating Officer (PW−16) went about drawing up the proceedings forms an important issue in itself 'and it is equally debilitative to the

prosecution's case. In Yakub Abdul Razak Memon vs. State of Maharashtra, through CBI Bombay 12, this Court noted 'that the primary intention behind the panchnama is to guard against possible tricks and unfair dealings on the part of the officers entrusted with the execution of the search and also to ensure that anything incriminating which may be said to have been found in the premises searched was really found there and was not introduced or planted by the officers of the search party It was further noted that the legislative intent was to control and check these malpractices of the officers by making the presence of independent and respectable persons compulsory for search of a place and seizure of an article It was pointed out that a panchnama can be used as corroborative evidence in the Court when (2013) 13 SCC 1 the respectable person who is a witness thereto gives evidence in the Court of law under Section 157 of the Evidence Act. This Court noted that Section 100(4) to Section 100(8) Cr.P.C. stipulate the procedure with regard to search in the presence of two or more respectable and independent persons preferably from the same locality so as to build confidence and a feeling of safety and security amongst the public The following mandatory conditions were culled out from Section 100 Cr.P.C. for the purposes of a valid panchnama:

(a) All the necessary steps for personal search of officer (Inspecting officer) and panch witnesses should be taken to create confidence in the mind of court as nothing is implanted and true search has been made and things seized were found real.

(b) Search proceedings should be recorded by the I.O. or some other person under the supervision of the panch witnesses.

(c) All the proceedings of the search should be recorded very clearly stating the identity of the place to be searched, all the spaces which are searched and descriptions of all the articles seized and also if any sample has been drawn for analysis purpose that should also be stated clearly in the Panchanama.

(d) The I.O. can take the assistance of his subordinates for search of places If any superior officers are present, they should also sign the Panchanama after the signature of the main I.O.

(e) Place, Name of the police station, Officer rank (I.O.) full particulars of panch witnesses and the time of commencing and ending must be mentioned in the Panchnama.

(f) The panchnama should be attested by the panch witnesses as well as by the concerned IO.

(g) Any overwriting, corrections and errors in the Panchnama should be attested by the witnesses.

(h) If a search is conducted without warrant of court Under Section 165, of the Code the I.O. must record reasons and a search memo should be issued It was held that a panchnama would be in−admissible in a Court of law if it is recorded by the Investigating Officer in a manner violative of Sec−162 Cr.P.C. as the procedure requires the Investigating Officer to record the search proceedings as if they were written by the panch witnesses themselves and it should not be recorded in the form of examining witnesses as laid down in Sec−161 Cr.P.C. This Court concluded by stating that the entire panchnama would

not be liable to be discarded in the event of deviation from the procedure and if the deviation occurred due to a practical impossibility then the same should be recorded by the Investigating Officer so as to enable him to answer during the time of his examination as a witness in the Court of law.

વધુમાં નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા **State Of Gujarat Vs. Satish @ Kalu @ Hathoda Bhikhabhai Patel** ના ચુકાદામાં જણાવેલ છે કે, માત્ર પંચો પંચનામાની હકીકત વિશે સમર્થનકારી પુરાવો આપતા હોય તે માત્રથી ફરીયાદપક્ષનો સંપુર્ણ કેસ નિષ્કાશીત થઇ જતો નથી. તપાસ કરનાર એજન્સીની જુબાની માત્ર તેઓ પોલીસ હોવાથી ડીસ્કાર્ડ કરી શકાય નહી. પરંતુ હાલના કેસમાં પ્રથમથી જ રજુ પુરાવા એકબીજાથી વિભિન્ન અને વિમુખ જણાય આવે છે. પંચનામા દ્વારા સમગ્ર બનાવને પેપર ઉપર ઉતારેલ છે પરંતુ તે પુરવાર કરેલ નથી અને કેસના એવા તમામ સંજોગો અને પરીબળો એવુ સુચિત કરતા નથી કે હાલનો ગુનો આ કામના આરોપીઓ દ્વારા જ કરવામાં આવેલ છે.

(૨૦) આમ,જયારે ફરીયાદપક્ષે રજુ કરેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાને ધ્યાને લેતા આરોપી વિરૂધ્ધનો ગુનો નિ:શંકપણે સાબીત થતો ન હોય તેવા કિસ્સામાં આરોપી વિરુદ્ધ સબબ ગુનાની જોગવાઈ મુજબના તત્વો સાબિત થતા ના હોય તે સબબ ગુના માટે તકસીરવાન ઠરાવી શકાય નહી. તે માટેનું નામદાર સુપ્રિમ કોર્ટનું જજમેન્ટ ટાંકવું અતિ આવશ્યક છે. In the case of **Sharad Birdhichand Sarda v. State of Maharastra, AIR 1984 SC 1622, the Apex Court** has laid down the tests which are prerequisites before conviction should be recorded, which are as under:

> i. The circumstances from which the conclusion of guilt is to be drawn should be fully established. The circumstances concerned 'must or should' and not 'may be' established;

ii. The facts so established should be consistent only with the hypothesis of the guilt of the accused, that is to say, they should not be explainable on any other hypothesis except that the accused is guilty;

iii. The circumstances should be of conclusive nature and tendency;

iv. They should exclude every possible hypothesis except the one to be proved; and

v. There must be a chain of evidence so complete as not to leave any reasonable ground for the conclusion consistent with the innocence of the accused and must show that in all human probability the act must have been done by the accused.

**(૨૧)** કાયદાનો પ્રસ્થાપિત સિધ્ધાંત છે કે, આરોપી વિરૂધ્ધનો કેસ પુરવાર ન થાય ત્યાં સુધી તે નિર્દોષ હોવાનું અનુમાન કરવામાં આવે છે અને ફરિયાદપક્ષે પોતાનો કેસ શંકાથી પર (Beyond Reasonable Doubt) પુરવાર કરવો પડે. હાલના કામે ફરિયાદપક્ષ પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી.

આ સબબ નામદાર સુપ્રિમ કોર્ટે "**મનુ શર્મા વિરૂધ્ધ સ્ટેટ (NCT of Delhi) ૨૦૧૦(૬) એસ.સી.સી. ૧**" માં નીચે મુજબનો અભિગમ નોંધેલ છે.

"197. In the Indian criminal jurisprudence the accused is placed in a somewhat advantageous position then under different jurisprudence of some of the countries in the world. The criminal justice administration system in India places human rights and dignity for human life at a much higher pedestal. In our jurisprudence an accused is presumed to be innocent till proved guilty, the alleged accused is entitled to fairness and true investigation and fair trial and the

prosecutions is expected to play balanced role in the trial of a crime. The investigation should be judicious, fair, transparent and expeditious to ensure compliance with the basic rule of law. These are the fundamental canons of our criminal jurisprudence and they are quite in conformity with the constitutional mandate contained in Article- 20 and 21 of the Constitution of India."

(**૨૨**) વધુમાં નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા કાલીરામ વિ. સ્ટેટ ઓફ એચ.પી. (૧૯૭૩) ૨ એસ.સી.સી. ૮૦૮ માં જણાવેલ છે કે, "It is important to note that the cardinal principles in the administration of criminal justice in cases where heavy reliance is placed on circumstantial evidence, is that where two views are possible, one pointing to the guilt of the accused and the other towards his innocence, the one which is favourable to the accused must be adopted."

આમ, ઉપરોક્ત નામદાર સુપ્રીમ કોર્ટનું રજુ જજમેન્ટ ધ્યાને રાખતા હાલના કામે સાહેદોની જુબાનીથી ફરીયાદપક્ષના કેસને કોઇ સમર્થન મળતુ નથી ફરીયાદી અને સાહેદોની જુબાની જોતા આરોપીઓ વિરૂધ્ધ જે કલમો મુજબનો ગુનો નોંધાયેલ છે, તેના હાર્દ અન્વયે તેઓએ જુબાની આપેલ નથી તથા સદરહુ પુરાવો ધ્યાનથી વંચાણે લેતા કલમોના આવશ્યક તત્વો ફળીભુત થતા નથી અને તે રીતે મુદા નં.૧ ની હકીકત ફરીયાદપક્ષ સાબિત કરવામાં સરીયામ નિષ્ફળ ગયેલ છે. આમ ફરીયાદપક્ષ આરોપીઓ વિરૂધ્ધ આક્ષેપાયેલ તહોમતનામુ પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય, પુરાવાના અભાવે મુદા નં.૧ નો નિર્ણય નકારમાં ઠરાવી મુદા નં.૨ માટે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: આખરી હુકમ ::–**

(૧) આ કામના **આરોપીઓ** ૧) જેરામભાઇ વાલજીભાઇ અકબરી તથા ૩) રાણીબેન બચુભાઇ, બંને રહે.આંકોલવાડી, તા.તાલાલા, જી.ગીર સોમનાથ નાઓને વન્ય પ્રાણી (સંરક્ષણ) અધિનિયમ ૧૯૭૨ ની કલમ–૨(૨),(૧૪),(૧૬),(૨૦),(૩૩), (૩૬),(૩૯) તેમજ કલમ–૯, ૫૦, ૫૧, ૫૨ મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી ક્રિ. પ્રો. કોડની કલમ–૨૪૮(૧) અન્વયે પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપી નં.૩ રાણીબેન બચુભાઈ હાજર ન હોય સી.આર.પી.સી.કલમ–૩૫૩(૬) મુજબ તેઓની ગેરહાજરીમાં ચુકાદો જાહેર કરવામાં આવે છે.

(૩) સદર કામે કબજે કરવામાં આવેલ મુદામાલ વાહન અંગે વચગાળાના તબકકે કોઈ હુકમ કરવામાં આવેલ હોય તો તે આથી કાયમ રાખવામાં આવે છે અન્યથા મુદામાલ વાહનની માલીકી અંગેની ખરાઈ કરી તેના મુળ માલીકને પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે તથા કબજે કરવામાં આવેલ અન્ય મુદામાલનો અપીલ સમય વિત્યા બાદ નિયમાનુસાર નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) પ્રત્યેક આરોપીએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭(એ) મુજબ અપીલ સમય સુધીના રૂા.૧૫,૦૦૦/– ના જામીન આપવાનો હુકમ કરવામાં આવે છે.

ચુકાદો આજરોજ **તા.૩૦, માહે–એપ્રિલ, સને–૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી/સિક્કો કરીને જાહેર કર્યો.

Digitally signed by
PUSHPARAJSINH NARENDRASINH JADEJA
on 30/04/2026 18:20:32 IST.

સ્થળઃ તાલાલા.
તારીખઃ ૩૦–૦૪–૨૦૨૬

**(પુષ્પરાજસિંહ નરેન્દ્રસિંહ જાડેજા)**
જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ.
તાલાલા.
કોડ નં. જી.જે. ૦૧૭૩૩.